
# બીબીએ કોલેજ દ્વારા 'નાણાકીય સમાવેશનનો ખ્યાલ' વિષય અંતર્ગત ઓનલાઈન વર્કશોપનું આયોજન





ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝ્નેશ ઍડ્મિનિસ્ટ્રેશન દ્વારા મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં તેમજ અભ્યાસ બાદ વ્યવસાય બાબતે નાણાકીય આયોજન અને તેના તમામ પાસાઓ નું જ્ઞાન હોવુ આવશ્યક છે. વ્યવસાયિક ક્ષેત્રમાં વૈશ્વિક આર્થિક પરિસ્થિતી ને અનુલક્ષી ને દરેક દેશ પોતાની આર્થિક નીતિઓનું નિર્ધારણ કરતું હોય છે. ત્યારે ઉપરોક્ત વિષય પર કોલેજ દ્વારા તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે વર્કશોપનું આયોજન કર્યું હતું. કોલેજના આચાર્ય ડો.રમાકાન્ત પૃષ્ટિ સમગ્ર વર્કશોપ દરમ્યાન ઉપસ્થિત રહ્યા હતા.પ્લેસમેંટ અને ટ્રેનીંગ કમિટીના હેડ ડો જયેશ તન્ના દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંકલન કરવા માં આવ્યું હતું તેઓ એ તજજ્ઞ વક્તા ડો.લીટી ડેનિસ નો પરિચય આપ્યો હતો. જેઓ સેંટ્રલ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે પ્રોફેસર તરીકે સેવાઓ આપી રહ્યા છે. વિદ્યાર્થીઓએ પોતાના કૌશલ્ય નિખાર તેમજ તેજસ્વીતા વધારી અર્થોપાર્જન ની દરેક પ્રવૃતિઓ હાથ ધરવા શિષ્ટાચારને ખૂબ મહત્વ આપવુ જોઈએ.

તથા તેમની અભ્યાસલક્ષી બાબતોને ધ્યાનમાં રાખી આયોજનબદ્ધ રીતે ફાયનાન્સિયલ બાબતોનું માર્ગદર્શન આપ્યુ હતુ. સંપૂર્ણ વર્કશોપ દરમ્યાન તમામ મહત્વની આર્થિક સંસ્થાઓ તેમજ ગુજરાત સરકાર અને ભારત સરકારની વિવિધ યોજનાઓ, બેંકિંગ માળખું,શેર સ્ટોકમાર્કેટ, મ્યુચ્યુઅલ ફંડ, ગ્રામીણ અને શહેરી અર્થતંત્ર જેવી બાબતો પર તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. અને વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ અનુભવ કરાવ્યો હતો. વિદ્યાર્થીઓને કૉર્પોરેટ જગતનાં ઍટીકેટ્સ, ઔધોગીક ક્ષેત્રે આવતા પડકારોને પંહોચી વળવા અનેક સૂચનો કર્યા હતા. વર્કશોપને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ રમાકાન્ત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ પ્લેસમેંટ અને ટ્રેનીંગ કમિટીના હેડ ડૉ જયેશ જે તન્ના,ડો આશિષ ભુવા, ડો માર્ગી દેસાઇ,ડો અમિતા પ્રજાપતિ, ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા ખુબજ મહેનત કરી હતી.

# ગૂજરાત વિદ્યાપીઠ - રાંધેજા દ્વારા 'નવી શિક્ષણ નીતિ - ૨૦૨૦' પર રાષ્ટ્રીય વેબીનાર યોજાયો




ગાંધીનગર, તા. ૨૫

ગૂજરાત વિદ્યાપીઠના ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર દ્વારા ભારત સરકારના ઉન્નત ભારત અભિયાન, એન.એસ. એસ અને ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દીના સયુકત ઉપક્રમે 'નવી શિક્ષણ નિતિ-૨૦૨૦' ઉપર રાષ્ટ્રીય વેબીનાર યોજાયો હતો.

જેમાં ડૉ. સુનિલ કુમાર ઉપાધ્યાય, એસોશિયેટ પ્રોફેસર, શિક્ષણ વિભાગ, ડીબીએસ (પીજી) કોલેજ, ગોવિંદનગર - કાનપુર (ઉ.પ્ર.) દવારા, નવી શિક્ષણ નીતિમાં ગાંધીજીના વિચારોની છાપ અને ડૉ. મહેશ નારાયણ દીક્ષીત, એસોશિયેટ પ્રોફેસર - શિક્ષણ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા, નવી શિક્ષણ નીતિની પ્રમુખ વિશેષતાઓ તથા સામાજિક કરાર વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું.

આ કાર્યક્રમ માટે ૩૬૫ રજીસ્ટ્રેશન સામે ૧૮૦ શિક્ષણ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો એ ભાગ લીધો હતો. વિભાગીય અધ્યક્ષ ડો. રાજીવ પટેલ પ્રાસગીંક રજુઆત દ્વારા વિદ્યાપીઠ ની નઈ તાલીમની અગત્યતા નવી શિક્ષણ નિતિના સંદર્ભે રજુ કરી હતી. કાર્યક્રમ સંચાલક ડો. લોકેશ જૈને નવી શિક્ષણ નિતિ અંગે આજના સંદર્ભમાં મહત્તા અંગેની માહિતી આપી હતી. ઉન્નત ભારત અભિયાન અનુક્રમે આ કાર્યક્રમનું આયોજન થયુ અને તે બાબતે કો-ઓર્ડીનેટર ડૉ. સતીષ પટેલ દ્વારા નવી શિક્ષણ નિતિને લગતા ઈ-ડોકયુમેન્ટ (ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી)નું ઓનલાઈન વિવરણ કરવામાં આવ્યુ હતું.

# જન્મદિને વધામણી



**તીર્થ પંડ્યા**
ડાયરેકટ, લીંક ઈમ્રીગેશન વર્લ્ડ



**નીતા રાણા**
લાયોનેસ ક્લબ



**સ્વરા જિજ્ઞેશ રાવલ**
મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦



**ઉન્નતિ કેયુર પટેલ**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઇન માધ્યમથી વિદ્યાર્થિનીઓ દ્વારા ઘડિયાળનું વર્કીંગ ડાયલ બનાવ્યું



ગાંધીનગર, તા. ૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી મૃદુલાબેન ભરતભાઈ પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઘડિયાળનું મહત્વ અને તેના વર્કીંગ ડાયલની સહઅભ્યાસિક પ્રવૃતિમય શિક્ષણ મેળવી અને તેના વર્કીંગ મોડેલ બનાવ્યા. તેનું માર્ગદર્શન શ્રી ભગવતીબેને આપેલ જેમાં અંગ્રેજી વિષયના શિક્ષક ઘનશ્યામસિંહ ડાભી અને વિદ્યાર્થિનીઓને જીવનમાં ઘડિયાળનું મહત્વ અને સાથે સાથે ઘડિયાળ કેવી રીતે કામ કરે છે તેનું વર્કીંગ ડાયલ દ્વારા સમજ આપી હતી.વિદ્યાર્થિનીઓએ પણ ઉત્સાહભેર પ્રોજેકટમાં ભાગ લઈ અને અલગ અલગ ઘડિયાળના વર્કીંગ ડાયલ બનાવી અને તેના વિડિયો અને ફોટોગ્રાફ શાળામાં શિક્ષકને મોકલ્યા છે તેમાં તેમના વાલીશ્રીઓએ પણ ઉત્સાહ અને રસ દાખવ્યો હતો. આ તમામ વર્કીંગ ડાયલ વેસ્ટ વસ્તુઓનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યા હતા. શાળાના આચાર્યા નીરૂબેન પટેલે આ વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# સ્મિત મ્યૂઝિક દ્વારા સલામી સંગીત શૉ

ગાંધીનગર, તા. ૨૫

સ્મિત મ્યૂઝિક દ્વારા ગાંધીનગરના કલાકારો તથા કોરોના વૉરિયર્સના સન્માન માટે




સપ્ટેમ્બરના દર અઠવાડિક એફબી લાઈવ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શૉ તા. ૫-૯-૨૦૨૦થી પ્રારંભ કરવામાં આવ્યો હતો. જે હવે તેના અંતિમ વીકમાં પ્રવેશી ચૂક્યો છે. આ શૉ શનિવાર તા. ૨૬ની સાંજે ૬.૩૦ કલાકે તથા રવિવારે તા. ૨૭મીએ સવારે ૧૦.૩૦ તથા સાંજે ૬.૩૦ કલાકે 'ભરત ગજ્જર' ફેસબુક પેજ પર લાઈવ થશે.



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૭મી સપ્ટેમ્બર અમાવસ્યાના દિવસે મોડાસા તાલુકાના છાત્રેશ્વરી તથા વાંટડા ગામે કુલ ૭૫ લાભાર્થીને બે કી.ગ્રા. ચોખા, ચા, મગદાળ, સાબુ, નાસ્તો, કોપરેલ, વિગેરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં દેવ, દર્શન, મહર્ષિ તથા મિલિન્દભાઈ હાજર રહ્યા હતા. દિપક શાહ તથા ગુરુબક્ષસિંહ તરફથી દાન મળ્યું હતું.

# બી.એસ.સી. પછી એમ.એસ.સી. કરું કે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી?




નમસ્કાર. "કરિયર કોર્નર" કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એ જ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય એને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.


હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

**૧. હું બે.એસ.સીમાં અભ્યાસ કરૂ છું. મને વિવિધ ઈવેન્ટ-પ્રોગ્રામ મેનેજ કરવાનો ખૂબ સોખ છે. ઇવેંટ મેનેજમેંટ એક અલગ ક્ષેત્ર છે એવી પણ મને તાજેતરમાં જ ખબર પડી.તો આ ક્ષેત્ર વિષે માહિતી આપશો.**

**- અવનિ મોદી , ગાંધીનગર**

એક સર્ટિફાઇડ ઈવેન્ટ પ્લાનર્સ ઈવેન્ટના તમામ પાસાંઓના સંકલન અને સંચાલનનું કામ સંભાળે છે. તે માટે કોઈ ફિક્સ અથવા માત્ર એક કોર્સ નથી કરવાનો હોતો.તે માટે વિદ્યાર્થીઓ અલગ-અલગ શૈક્ષણિક બેકગ્રાઉન્ડમાંથી આવે છે, પરંતુ તે સામાન્ય રીતે બેચલર ડિગ્રી ધારકો હોય છે. ઘણા પ્લાનર્સ કોઈક નાના કામથી શરૂ કરતાં હોય છે. જેમ કે કેટરિંગ કોઓર્ડિનેટર પોઝિશન,પાર્ટી આયોજક વગેરે. યોગ્ય શિક્ષણ અને અનુભવ સાથે, આયોજનકારો મોટા કાર્યક્રમો, જેમ કે સંમેલનો અને કોર્પોરેટ મીટિંગ્સનું આયોજન કરી શકો છો.પ્રમાણિત ઈવેન્ટ પ્લાનર બનવા માટે, તમારે હોસ્પિટાલિટી મેનેજમેન્ટ, માર્કેટિંગ, જાહેર સંબંધો, સંચાર અથવા વ્યવસાયમાં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત



કરવી જોઈએ. ડિગ્રી વગર તમને ક્ષેત્રમાં ૧-૨ વર્ષનો અનુભવની જરૂર પડશે. તમારે સંચાર, ગ્રાહક સેવા, આંતરવ્યક્તિગત વાટાઘાટ અને સમસ્યા હલ કરવાની કુશળતાની પણ જરૂર પડશે. તમે ઑનલાઈન સોશિયલ મીડિયા, પ્રોજેક્ટ મેનેજમેન્ટ સૉફ્ટવેરનું જ્ઞાન સાથેની મૂળભૂત કમ્પ્યુટર કુશળતા અને આધુનિક કૌશલ્ય ધરાવતા હોવ એ જરૂરી છે. ઈવેન્ટ પ્લાનર્સ લગ્ન જેવી ખાનગી અને જાહેર ઈવેન્ટ્સ ગોઠવે છે. કન્વેન્શન સર્વિસ મેનેજર્સ બધી વિગતો સંચાલિત થાય તેની ખાતરી કરવા માટે હોટલ જેવી કંપનીઓ અને સ્થળો વચ્ચેના જોડાણ તરીકે કાર્ય કરે છે.આ ક્ષેત્ર માં સૌથી જરૂરી છે આપનું માર્કેટ માં અન્ય લોકો અથવા કસ્ટમર્સ સાથે નેટવર્કિંગ એટ્લે કે સંબંધો સારા હોવા જરૂરી છે.એ આપને જરૂર મદદરૂપ થઈ શકશે.અને બીજી વસ્તુ છે ટાઈમ મેનેજમેન્ટ.આપે આપના કામ માં સમય સૂચકતા બહુ મોટો ભાગ ભજવે છે.આમ આપ જો આ ક્ષેત્ર માં જવા માંગો છો તો ઉપરોક્ત બાબતોનું ધ્યાન રાખી જરૂરી મેહનત કરી ને સફળતા પ્રાપ્ત કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૨. હું બી.એસ.સી.પૂરુકરેલ છે. મારી મૂંઝવણ એ છે કે હું આગળ અભ્યાસ એટલેકે એમ.એસ.સી કરું કે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરું? આપ મને એમ.એસ.સી. વિષે માહિતી અપશો અને એ બાદ કારકિર્દી માટે કયા વિકલ્પ ઉપ્લબ્ધ છે?**

**- અજય પટેલ, ગાંધીનગર**

એમ.એસ.સી એટ્લે કે માસ્ટર ઈન સાયન્સ આપ બી.એસ.સી પૂર્ણ કર્યા બાદ કરી શકો છો જે બે વર્ષ નો કોર્સ હોય છે.હવે આપ આપનુ એમ.એસ.સી. આપના કોઈ પણ એક મનપસંદ અને આપની રુચિ મૂજબ સાયન્સના વિષયનું ચયન કરી તેમાં નિષ્ણાત બની શકો છો. વિષયો જેમ કે કેમીસ્ટ્રી, ફિઝિક્સ , મેથેમેટિક્સ ,માઇક્રો બયોલોજી વિગેરેમાં આપ તેમાં વિશેષજ્ઞતા મેળવી શકો છો. ઉપર જણાવેલ વિકલ્પોમાંથી એ વિષયમાં વિશેષજ્ઞતા મેળવી કે જેમાં આપને પોતાનું કરિયર બનાવવામાં રસ હોય. એમ.એસ.સી. પૂર્ણ કર્યા બાદ મોટાભાગના વિકલ્પોને બે ભાગમાં વિભાજિત કરી શકાય. એ) આગળ ભણવાનું બી) નોકરી (જોબ). હવે એમ.એસ.સી. પૂર્ણ કર્યા બાદ આપના માટે એકાધિક વિકલ્પ ઉપ્લબ્ધ છે જે આપ પસંદ કરી શકો છો. આગળ ભણવું હોય તો આપ તે ભારતમાં ભણી શકો છો અથવા તો વિદેશમાં પોતાનું ભણતર આગળ કરી શકો છો. સૌપ્રથમ વિકલ્પ છે પી.એચ.ડી. જો આપ આપના અભ્યાસને આગળ વધારવા માંગો છો તો આપ આ વિકલ્પ પસંદ કરી શકો છો. પી.એચ.ડી. થયા બાદ આપ રિસર્ચ (સંશોધન) અથવા તો શિક્ષણ જગત માં આગળ વધી શકો છો. આપ આગળ એમ.ફિલ. પણ કરી શકો છો. એમ.ફિલ. એ મોટાભાગે સંશોધન એટ્લે કે રિસર્ચ પર આધારિત હોય છે. અન્ય એક વિકલ્પ છે આપ કોઈ કંપનીમાં જોબ મેળવી શકો છો. એટ્લેકે આપ એમ.એસ.સી. બાદ પ્રાઈવેટ કક્ષાની જોબ મેળવીશકો છો. એમ.એસ.સી. કર્યા બાદ ખૂબ સારી તકો મળતી હોય છે. અન્ય એક વિકલ્પ મુજબ આપ કોઈ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટમાં સાયન્ટીફિક આસિસ્ટ્ન્ટ તરીકે જોબ મેળવી શકો છો.અન્ય એક આ બધા થી અલગ પડ્તો અને પ્રચલિત વિકલ્પ છે ગવરમેન્ટ જોબ.આપ એમ.એસ.સી બાદ ગ્રેજ્યુએટ સ્તરની કોઈ પણ ગવરમેંટ (સરકારી) જોબ માટે અરજી કરી શકો છો. સરકારી



નોકરીમાં પણ અલગ-અલગ સ્પર્ધાત્મક પરીક્ષાની વાત કરીએ તો બેંકિંગ, એસ.એસ.સી (સ્ટાફ સિલેક્સન કમિશન) , જી.પી.એસ.સી , યુ.પી.એસ.સી વગેરે પરીક્ષા હોય છે જે આપ પોતાની પસંદગી અને લાયકાત મુજબ આપી શકો છો.જણાવેલ વિકલ્પો ઉપરાંત અન્ય વિકલ્પ પણ ઉપલબ્ધ છે. આપ યોગ્ય મહેનત કરીને એક ઉત્કુષ્ઠ કારદિર્દી બનાવી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું ધોરણ ૧૨ કોમર્સ માં છું. શું ૧૨કોમર્સ પછી બી.બી.એ કરી શકાય?**

**- અનિરુદ્ધસિંહ ઝાલા, સુરેન્દ્રનગર**

જી હા , બિલકુલ આપ કરી શકો છો.જે વિદ્યાર્થીને કોમર્સ



બેકગ્રાઉન્ડ હોય એજ બી.બી.એ કરી શકે એવુ નથી.

કોઈ પણ ફિલ્ડનો વિદ્યાર્થી બી.બી.એ કરી શકે છે.તે માટે આપ ભારત ભર ની કોઈ પણ પ્રતિસ્ઠિત કોલેજ માં એને અનુરુપ પ્રવેશ પ્રક્રિયા ઉત્તિર્ણ કર્યા બાદ બી.બી.એ કરી શકો છો. પ્રતિષ્ઠિત કોલેજ જેવીકે સિમ્બાયોસિસ, ગુજરાતમાં એમ.એસ. યુનિવર્સિટી અને એચ.એલ જેવી સંસ્થામાં પ્રવેશ મેળવી શકો છો.અન્ય પણ ઘણી કોલેજ ના વિકલ્પ ઉમ્પ્લબ્ધ છે જે તમને૧૨ પછી બી.બી.એ કરવા માટે મેરિટ ના અધાર પર ડાયરેક્ટ એડમીશન આપે છે.અન્ય એક વિકલ્પ ની વાત કરીએ તો એ છે આઈ.બી.એમ એટ્લે કે ઈન્ટરનેશનલ બિઝ્નેસ મેનેજમેન્ટ જે પાંચ વર્ષ નો મેનેજમેન્ટ પ્રોગ્રામ છે જેમાં ૩ વર્ષ બી.બી.એ અને બાકીના ૨ વર્ષ એમ,બી.એ નો સમાવેશ થાય છે.ત્યાર બાદ એક વિકલ્પ આઈ.પી.એમ એટ્લે કે ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ ઇન મેનેજમેન્ટ જે આપ ૧૨ પછી પવેશ પરીક્ષા માં ઉત્તિર્ણ થયા બાદ કરી શકો છો જે પણ પાંચ વર્ષ નો મેનેજમેન્ટ પ્રોગ્રામ છે.આઈ.પી.એમ ધ્વારા આપ ભારતની પ્રતિસ્ઠિત અને પ્રથમ સ્થાને આવતી આઈ.આઈ.એમ ઈન્ડિયન ઈંસ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ મા પ્રવેશ મેળવી શકો છો.આપને જણાવી દઈએ કે ભારતમાં એકમાત્ર આઈ.આઈ.એમ ઇંદોર જ છે જે આપને ૧૨ પછી ડાયરેક્ટ એમ.બી.એ માટેનો વિકલ્પ ઉપ્લબ્ધ કરાવે છે.આમ આ બધા વિકલ્પ માંથી કોઇ એક વિકલ્પ પસંદ કરી આપ એ માટે ની પ્રવેશ પ્રક્રિયા ની તૈયારી અત્યાર થી જ ચાલુ કરી શકો છો.આ બધી પરીક્ષા મહદંશે આપની ૧૨ ની બૉર્ડની પરીક્ષા પૂર્ણ થયા બાદ ટૂંક સમયગાળા માં લેવાતી હોય છે.તો આપ અત્યારથી જો શક્ય હોય તો રોજ એક કલાક આ પરીક્ષા પાછળ આપી સહેલાઈથી પરીક્ષા ઉત્તિર્ણ કરી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ફોન કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે! આપના પ્રશ્નો અને સૂઝવો અમને અહી મોકલી આપો:

ઈમેલ:questions.careercorner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercorner

# કોરોના મહામારીએ શીખવી તંદુરસ્ત જીવન જીવવાની રીત

કોરોના મહામારીએઆપણાં જીવન પર ખૂબ ઘેરી અસર કરી છે. જો કે આ મહામારીએ ચોતરફ ભલે કાળો કેર વર્તાવ્યો હોય અને આપણને આપણો કોરોના રિપોર્ટ 'નેગેટીવ' આવે તે જ ગમે પરંતુ આ મહામારીના કેટલાક 'પોઝિટિવ' ફાયદા પણ છે જેમ કે આ મહામારીમાં આપણે આપણા પરિવારનું અને સંબંધોનું મહત્ત્વ જાણી શક્યા છીએ, ઓછી ચીજ વસ્તુઓમાં ચલાવી લેતા શીખ્યા છીએ, બિનજરૂરી ખર્ચા ટાળવાનું શીખ્યા છીએ તેમજ બહારનું આચરકુચર અથવા ઘરમાં પડી રહેલા ઠંડા અને વાસી ખોરાક ખાવાને બદલે ઘરે બનાવેલો તાજો ગરમાગરમ સાત્વિક આહાર લેવાનું શીખ્યા છીએ, આપણે યોગ- પ્રાણાયામ-વ્યાયામ નું મહત્ત્વ શીખ્યા છીએ, સ્વચ્છતા જાળવવાનું, જાહેરમાં નહીં થુંકવાનું અને માસ્ક પગેરવાનું શિખ્યાં છીએ, એસીના ઠંડા વાતાવરણમાંથી બહાર નીકળીને સૂર્યપ્રકાશને ગ્રહણ કરવાનું શીખ્યા છીએ, ફ્રિજના ઠંડા પાણીને ત્યજીને ઉકાળેલું પાણી પીવાનું શીખ્યા છીએ વગેરે વગેરે..



આ મહામારીએ આપણાં સામાજિક જીવન પર મોટી અસર કરી છે જેમકે આપણે મરણોત્તર બિનજરૂરી ક્રિયાઓમાં કાપ મુકવો, લગ્નોત્સવો કે ધાર્મિક ઉત્સવો સોશ્યલ ડિસ્ટન્સ સાથે ઉજવવા વગેરે વગેરે...

કોરોના માહામારીએ આપણાં સમાજ પર 'પોઝિટિવ' અસર પણ કરી છે અને તે એ છે કે જે શહેરીકરણ તરફ આપણે આંધળી દોટ મુકી હતી તેના પર લગામ તાણવાની. લોકડાઉન પછી ગ્રામીણ વિસ્તારો તરફ પ્રયાણ વધ્યું છે તે એક રીતે સારી બાબત કહી શકાય. એક સમય હતો જ્યારે પરિવારો રોજીરોટીથી માંડીને બાળકોના શિક્ષણ માટે ગ્રામ્ય વિસ્તાર ત્યજીને શહેર ભણી હિજરત કરતાં હતા, લોકો હવે સમયની સાથે હરણફાળ દોડ ભરવા પોતાના વતન છોડી શહેરો તરફ જતા રહ્યા હતા અને ધીમે - ધીમે લોકો ગ્રામ્ય જીવનની રહેણી કરણીને અને યાદો ને ભૂલવા લાગ્યા હતા. આ દરમ્યાન કોરોના મહામારીનું આગમન થયું અને એવી પરિસ્થિતિ સર્જાઇ કે હવે લોકો પાછા પોતાના વતન કે ગામ તરફ પાછા વળ્યાં છે, ફરી ગ્રામ્ય સંસ્કૃતિને અપનાવી રહ્યાં છે. આ જોઈને એવું લાગ્યું કે હજુ પણ ગામડાંનું જીવન એક એવી જગ્યા છે જયાં સંસકારોની સુવાસ છે, સાત્વિકતાનો સહવાસ છે અને પોતિકાપણાનો પરમાનંદ છે, ગામડામાં ભલે પાકા મકાનો નહોતા પણ સાત્વિક ખોરાક, સ્વચ્છ હવા અને મીઠું પાણી તો હતુ જ.. એ તેનું જીવનમાં કેટલું મહત્વ છે તે હવે સારી રીતે આપણે જાણી ચુક્યાં છીએ, તેની સાથે સાથે જાણે કે સાચી જીવન જીવવાની રીત ફરી શીખવા મળી છે. આ પ્રસંગે કિશોરકુમારનું પેલું મશહુર ગીત યાદ આવે છે.. 'આ ચલ કે તુઝે મૈં લેકે ચલું એક ઐસે ગગન કે તલે.. જહાં ગમ ભી ન હો, આંસુ ભી ન હો.. બસ પ્યાર હી પ્યાર પલે.. એક ઐસે ગગન કે તલે..!'